# વૈશ્વિક હરીફાઈમાં ભારતની સ્થિતિ

પ્રા.એમ.સી.પટેલ.
(આસીસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ
એમ. એન. કોલેજ, વિસનગર)

આર્થિકક્ષેત્રે દુનિયાના બધા દેશોના અર્થતંત્રમાં છેલ્લા છ દાયકામાં વ્યાપક ફેરફારો થયા છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા એક મહાન અર્થતંત્રના રૂપમાં બહાર આવ્યું. અમેરિકાએ 1939 આજુબાજુ મોટા પ્રમાણમાં લોખંડ, યંત્રો સહિતની સામગ્રીનું ઉત્પાદન કર્યું કે જે ઉત્પાદન બીજા વિશ્વ યુદ્ધમાં નુકશાન પામેલા યુરોપના દેશોએ આયાત કર્યું, તેથી અમેરિકા પાસે 1945 સુધીમાં મોટા પ્રમાણમાં આર્થિક તાકાત વધી. અમેરિકાના અર્થતંત્રમાં મોટા પ્રમાણમાં સોનું અને વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત કર્યું. આર્થિક તાકાતની દ્રષ્ટિએ અમેરિકા ખુબ જ આગળ આવ્યું અને તેને IMF માં આગેવાની લીધી. અમેરિકાએ પોતાનું હિત વધારવા બીજા અર્થતંત્રની મદદ કરવાની સાથે પોતાની આર્થિક તાકાત વધારી. 1960 પછી અમેરિકા એક મુશ્કેલ પરિસ્થિતિમાં આવ્યું. અમેરિકાનું નાણું અધિમુલ્ય ધરાવવાની સ્થિતિમાં આવ્યું. પણ આવી પરિસ્થિતિમાં ન હતું. કારણ કે અમેરિકાએ સોના વિનિમય ધોરણમાં મધ્યસ્થી સ્વીકારી હતી. દુનિયાના બધા દેશનાં નાણાનું મુલ્ય અમેરિકન ડોલરમાં નક્કી થયું હતું. અને અમેરિકાનો ડોલર સોનાની કિંમત સાથે બંધાઈ ગયો હોવાથી તેને એક વૈશ્વિકકરણના રૂપમાં તટસ્થ રહેવાનું હોવાથી અમેરિકા અવમુલ્યન કરવાની સ્થિતિમાં ન હતું. જો કે 1972 આવતા આવતા અમેરિકાએ IMFની આગેવાની (મધ્યસ્થતા) માંથી પોતાને અલગ કરીને અમેરિકાના પ્રમુખે IMFની જવાબદારીમાંથી મુક્ત થયેલું જાહેર કર્યું અને પોતાના ચલન ડોલરનું અવમુલ્યન કર્યું. ત્યારબાદ ઘણા યુરોપના દેશ, અરબના દેશો, જાપાન, રશિયા પણ આર્થિકક્ષેત્રે વધારે શક્તિશાળી થયા. પરંતુ એશિયાના મોટાભાગના દેશો આર્થિકક્ષેત્રે પાછળ જ રહ્યા. "હિન્દુ રેટ ઓફ ગ્રોથ"ની સ્થિતિમાં હતું એટલે કે 3 થી 4 ટકા જેટલો નીચો GDP દર જોવા મળ્યો હતો. આ સમયમાં ભરતમાં વસ્તી વૃદ્ધિ દર ખુબ ઊંચો હતો. ગરીબી, બેકારી, નીચું શિક્ષણનું પ્રમાણ અને મૂડીની ભારે ખેંચ હતી. મૂડી સાધનાના અભાવે ઔધોગિક ઉત્પાદનમાં કોઈ સફળતા મળી ન હતી. ભારત 1980 સુધીતો અનાજની પણ આયાત કરતો હતો. 1985 પછી આર્થિક વિકાસમાં થોડોક વધારો અને GDP દર 4% થી વધવા પામ્યો.

દુનિયાના દેશો ભારત જેવા અલ્પવિકસિત દેશો પર મુક્ત વેપારનું દબાણ કરવા લાગ્યા. આ સમયમાં ભારતની આર્થિક તાકાત ખાનગીક્ષેત્રે થોડાક પ્રમાણમાં વધી હતી પણ 1991માં ભારત આર્થિક કટોકટીમાં મુકાયું. રાજકારણમાં નવા આવેલા મનમોહનસિંહ ને નાણામંત્રીનો કાર્યભાર સોપાયો. તેમણે જરૂરિયાતને સમજીને 1985થી શરૂ થયેલ ઉદારીકરણને આગળ વેગ આપ્યો અને

1991માં LPGની નીતિને વધારે વેગવતી બનાવી. 1993માં ભારતે આર્થિક રૂપી "કન્વરટી' નો ખ્યાલ સ્વીકાર્યો. આ સમયમાં ભારતે મુક્ત વેપારનાં બીલ GATTની જગ્યાએ નવા સ્થપાયેલા WTO ના કરારમાં સહી કરી.

ઉદારીકરણના કારણે ભારતને અનઈચ્છા હોવા છતાં ઘણી વસ્તુઓની આયાત કરવી પડી અને વિદેશી સસ્તી વસ્તુઓનું ડમ્પીંગ પણ વધતું ગયું. આથી દેશના ઘણા ઉદ્યોગોને તેમાંથી બંધ થઇ ગયા. પરંતુ આ સ્પર્ધામાં જે ઉદ્યોગો પોતાની કાર્યક્ષમતા અને ગુણવત્તા સુધારવામાં સફળ રહ્યા તે ઉદ્યોગોએ દેશ તેમજ વિદેશમાં સારી સફળતા મેળવી છે. તેમાં મેન્યુફેક્ચરીંગ ગુડ્સ બનાવતા ઉદ્યોગોએ તો પોતાની તાકાત એટલી વધારી કે 2007ના સમયમાં ભારતના આ ઉદ્યોગથી ઉત્પાદન થતી વસ્તુઓની વિકસિત દેશ પણ આયાત કરતા થયા.

ઉદારીકરણના અઢી દાયકા પછી વિશ્વના ઉભરતા અને વિકસતા દેશોમાં ભારત આજે મહત્વનું સ્થાન ધરાવે છે. છેલ્લા ત્રિમાસિક પરિણામમાં આર્થિક વૃદ્ધિના દરમાં ચીનના 7% કરતા ઓછા વિકાસ દરની સાથે ભારતે 7.3% વિકાસ દર પ્રાપ્ત કરીને વિશ્વમાં ઝડપથી વિકસતા દેશોમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. 1991 પછીના આર્થિક સુધારાના પરિણામે ભારત છેલ્લા બે દશકથી આર્થિક વૃદ્ધિનો દર 7% થી વધુ રહેવા પામ્યો છે. ભારતની જે ખેતી પ્રધાન અર્થવ્યવસ્થા તરીકે ઓળખવામાં આવતું હતું. તે આજે ઉદ્યોગ પ્રશાન રાષ્ટ્ર તરીકે ઓળખાય છે. 1950 માં ભારતની GDP માં કૃષિક્ષેત્રનો ફાળો 60% કરતા વધુ હતો. જે આર્થિક સુધારા પછી ઘટીને માત્ર 16% રહ્યો છે. જ્યારે ઔધોગિક ક્ષેત્રનો ફાળો વધીને 27% ને સ્થિર રહેવા પામ્યો છે. અને સેવાક્ષેત્રનો ફાળો 57% થયો છે. આમ ભારતની રાષ્ટ્રીય આવકમાં સેવાક્ષેત્રનો ફાળો વધવા પામ્યો છે.

વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનું સ્થાન GDP ના આધારે જોતા 7 માં ક્રમની અને ખરીદ શક્તિના (Purchasing power parity) આધારે 3 જા ક્રમની વિશ્વની સુથી મોટી અર્થવ્યવસ્થાનું બહુમાન ધરાવે છે. 2008ની નાણાંકીય કટોકટી, યુરોઝોનનું ઘેરાતું સંકટ, ડોલર સામે રૂપિયાનું અવમુલ્યન અને વિશ્વની મોટી અર્થવ્યવસ્થા જેવી કે અમેરિકા, જાપાન, ચીન દેશોમાં આર્થિક મંદીની સ્થિતિમાં પણ ભારત પોતાનો વિકાસદર જાળવી રાખવામાં સક્ષમ સાબિત થયું છે. ભારતે આ સંકટમાં વૈશ્વિક અર્થતંત્રને અસ્થિર થવાની જગ્યાએ તેમણે સ્થિર કરવાની કામગીરી બજાવી છે. જેના લીધે WTO, IMF, G20, SAFTA, BRICS વગેરે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભારત તરફની અપેક્ષાઓ વધવા પામી છે. અહી GCI (Global Competitiveness Index) ના સંદર્ભમાં ભારતની સ્થિતિ જોવાનો પ્રયત્ન કર્યો છે.

## GCI - Global Competitiveness Index

GCI અહેવાલ World Econimic Forum દ્વારા 2004થી પ્રકાશિત કરવામાં આવે છે. આ આંકની રચના Xavier sala – i- Martin અને Elsa V. Artadi અને પાછળથી સમગ્રલક્ષી અર્થવ્યવસ્થાના નિર્દેશકો Jeffreysach's દ્વારા નક્કી કરવામ આવ્યા છે. GCI માં ત્રણ મુખ્ય્ નિર્દેશકો અને તમના 12 પેટા નિર્દેશકોનો સમાવેશ થાય છે. GCI એ દેશના સંસ્થાકીય માળખા જેમાં દેશની સરકારી અને ખાનગી સંસ્થાઓનો વિકાસ અને કાર્યક્ષમતા, સરકારની નીતિ અને સાધનોની ઉત્પાદકતા સાથે સંકળાયેલો છે. જે દેશ પાસે તેની ખાનગી અને સરકારી સંસ્થાઓ, ઘરેલું અને વિદેશ વેપારની નીતિ, માળખાકીય સુવિધાઓ, સરકારનું જાહેર ખર્ચ, રાજ્યકોષીય સ્થિતિ, અને સ્વાસ્થ્ય શિક્ષણની સ્થિતિ અને શ્રમિકોની કાર્યક્ષમતા અને સંશોધન કે જેનો આધાર દેશના શિક્ષણ અને તાલીમ પર આધારિત છે તેની સ્થિતિ કેવી છે. તેના આધારે GCI ણા આંક નક્કી કરવામાં આવે છે.

**Global Competitiveness Index**

| **Basic requirements** | **Efficiency enhancers** | **Innovation and sophistication** |
|---|---|---|
| Pillar-1 – institutions | 5- higher education and training | 11- business sophistication |
| Pillar -2 – infrastructure | 6- goods market efficiency | 12- imovation |
| Pillar-3 – macro economic environment | 7- labor market efficiency | |
| Pillar-4 – health and primary education | 8- financial market efficiency | |
| | 9- technology readiness | |
| | 10- market size | |

ઉપરોક્ત ચાર્ટમાં GCIના ત્રણ મુખ્ય નિર્દેશકો Basic requirements, efficiency enhancers અને અને Innovation and Sophistication છે જેમાં દેશને વૈશ્વિક સ્પર્ધામાં જોડવા માટે શરૂઆતના તબક્કામાં દેશની પાયાની માળખાકીય જરૂરિયાતો જેવી કે સંસ્થાકીય માળખા, પાયાની માળખાકીય

સુવિધાઓ જેમાં રોડ, રેલ્વે, પોર્ટ કનેક્ટિવિટી, વિમાન સેવા નો સમાવેશ થાય છે. સમગ્ર લક્ષી અર્થવ્યવસ્થાનું માળખું જેના બજેટ સ્થિરતા જાહેર હતું. ફુગાવો અને છેલ્લે શિક્ષણ અને સ્વસ્થાયાનો સમાવેશ કરવામ આવે છે. આ પ્રથમ તબક્કાનો પૂર્વ વિકાસ થાય તો તેના લીધે બીજો તબક્કો કાર્યક્ષમતા વધારવામાં ઝડપથી સફળતા મળે છે. અને કાર્યક્ષમતા વધતાં દેશમાં સંશોધન અને સરકારની જાતિમાં પરિવર્તન આવતા વેપાર માટે સાનુકૂળ વાતાવરણ સર્જાય છે.

GCI માં જુદા જુદા 12 નિર્દેશકોને 1 થી 7 સુધી ક્રમાંક આપવામાં આવે છે. તેમાં 1 આંક સૌથી નીચી સ્થિતિ બતાવે છે. જ્યારે 7 આંક સૌથી સારી સ્થિતિ બતાવે છે.

❖ **GCI માં વિવિધ દેશોની સ્થિતિ**

| **ક્રમ** | **દેશો** | **2014-15 (કુલ દેશ – 144)** | **2015-16 (કુલ દેશ -140)** |
|---|---|---|---|
| 1 | સ્વીઝરલેન્ડ | 1 | 1 |
| 2 | સિંગાપુર | 2 | 2 |
| 3 | અમેરિકા | 3 | 3 |
| 4 | મલેશિયા | 20 | 18 |
| 5 | ચીન | 28 | 28 |
| 6 | ઇન્ડોનેશિયા | 34 | 37 |
| 7 | રશિયા | 53 | 45 |
| 8 | સાઉથ આફ્રિકા | 56 | 49 |
| 9 | ભારત | 71 | 55 |
| 10 | બ્રાઝીલ | 57 | 75 |

(Source :- world economic forum GCI -2015-16 જીનિવા)

સ્વીઝરલેન્ડ GCI માં છેલ્લા છ વર્ષથી પ્રથમ ક્રમ જાળવી રાખવામાં સફળ થયું છે. સ્વીઝરલેન્ડ વિકાસના 12 સ્તંભોમાંથી 8 સ્તંભોમાં 1 થી 10 મો ક્રમ ધરાવે છે. ભારતની સ્થિતિ 2014-15 ના અહેવાલ કરતા 2015-16 માં 16 અંકનો કુદકો લગાવીને 71 માં ક્રમથી 55 મા ક્રમે આવી ગયો છે. BRICS દેશોમાં ભારતની સ્થિતિ અન્ય દેશો કરતા ઘણી નીચી છે. જેમ કે ચીન 28 માં ક્રમે, રશિયા 45માં ક્રમે, સાઉથ આફ્રિકા 49 માં ક્રમે છે. છતાં એક સંતોષ કારક સ્થિતિ એ છે કે તેમાં ગયા વર્ષ કરતા આ વર્ષ ભારતના આંકમાં સુધારો જોવા મળ્યો છે.

### ❖ GCI માં ભારતનની સ્થિતિ – (2015-16)

| દેશ | Basic requirements | | Efficiency Enhancers | | Innovation and Sophistication | |
|---|---|---|---|---|---|---|
| | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક |
| સ્વીઝરલેન્ડ | 2 | 6.26 | 54 | 5.55 | 1 | 5.76 |
| સિંગાપુર | 1 | 6.36 | 2 | 5.70 | 11 | 5.19 |
| અમેરિકા | 30 | 5.27 | 1 | 5.76 | 4 | 5.59 |
| ચીન | 28 | 5.37 | 32 | 4.66 | 34 | 4.11 |
| રશિયા | 47 | 4.87 | 40 | 4.53 | 76 | 3.54 |
| સાઉથ આફ્રિકા | 85 | 4.32 | 41 | 4.51 | 36 | 4.06 |
| ભારત | 80 | 4.41 | 58 | 4.19 | 46 | 3.90 |
| બ્રાઝીલ | 103 | 4.07 | 55 | 4.23 | 64 | 3.62 |

(source : GCI Report 2015-16)

ઉપરોક્ત કોષ્ટકમાં જુદા જુદા દેશોના GCI ના ત્રણ મુખ્ય નિર્દેશકોની સ્થિતિ કેવી છે. અને તે વિકાસના કયા તબક્કામાં છે તે દર્શાવવામાં આવ્યું છે. સ્વીઝરલેન્ડ GCI માં છેલ્લા છ વર્ષથી પ્રથમ ક્રમે આવે છે. સ્વીઝરલેન્ડ કુલ 1 થી 7 અન્કોમાથી 5.76 આંક પ્રાપ્ત કરીને પ્રથમ ક્રમ ધરાવે છે. તે Basic requirement માં 6.26 આંક, Efficiency enhancers માંમાં ૫.55 આંક અને Innovation માં માં 5.76 આંક સાથે સૌથી વધુ ખર્ચ કરવામાં આવે છે. જ્યારે ભારત આ આંકમાં 55 માં ક્રમે આવે છે. ભારત GCI માં 2014-15 માં 7 માંથી 4.2 આંક પ્રાપ્ત કરી 71 માં ક્રમે હતો જે 2015-16 માં 4.31 આંક પ્રાપ્ત કરી 55 માં ક્રમે આવ્યો છે. જેમાં Basic requirement, Efficiency enhancers અને Innovation માં નુક્રમે 4.41, 4.19 અને 3.90 આંક પ્રાપ્ત કર્યો છે. જે BRICS ના ચીન, રશિયા , સાઉથ આફ્રિકા કરતા ઓછો જોવા મળે છે. 2015-16 ના આંકમાં ચીનની સ્થિતિ સ્થિર રહેવા પામી છે. 2014-15 ના અહેવાલમાં પણ ચીનનો ક્રમ 28 મો હતો. GCI ના વિકાસના તબક્કા પ્રમાણે ભારત હજુ પણ વિકાસના પ્રથમ તબક્કામાંથી પ્રસાર થાય છે.

GCIપ્રમાણે ભારતમાં હજુ પણ વિકાસ માટે જરૂરી પાયાની જરૂરિયાતમાં માળખાકીય સુવિધાઓ, અંદાજપત્રની ખાદ્ય, ભાવ સપાટીમાં ઉથલ-પાથલ, GDPના સંદર્ભમાં સરકારનું દેવું,

પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યની સ્થિતિ ઘણી ખરાબ છે. ભારતમાં પ્રતિ એક લાખ વ્યક્તિએ 1536.4 વ્યક્તિને મલેરિયા થાય છે. બાળમરણ દર પ્રતિ 1000 બાળકોએ 41.4 છે. જે ઘણા અલ્પવિકસિત દેશો કરતા પણ વધુ છે. જ્યારે પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તામાં 140 દેશોમાં 52 મો ક્રમ આવે છે. ભારત્નીન કલારત્મ્ક બાબતો માં દેશમાં મૂડીરોકાણ માટે સક્ષણની બાબતમાં વિશ્વ 6 ક્રમે આવે છે. કુલ રાષ્ટ્રીય બચત GDP ના 30% છે. જે વિકસિત દેશો કરતાં પણ વધુ છે. અને તેમાં 23મો ક્રમ ધરાવે છે.

Efficiency enhancers નિર્દેશકમાં ભારતની ઉચ્ચ શિક્ષણ અને તાલીમની સ્થિતિ ઘણી ખરાબ છે. વસ્તુ બજારની કાર્યક્ષમતાના નિર્દેશકમાં સુધારો થવા પામ્યો છે. પરંતુ તેમાં કરવેરાના દર અને માળખું હજુ પણ અવરોધક પરિબળ સાબિત થાય છે. કાર્યક્ષમ અને કુશળ શ્રમિકોની સંખ્યા વધવા પામ્મી છે. તેની સાથે તેમના વેતન અને કાર્યક્ષમતામાં પણ વધારો થયો છે. વેપાર માટે અનુકુળ બજારની સ્થિતિમાં 140 દેશોમાં 53 મો ક્રમ આવે છે. જેમાં લોનની સરળ પ્રક્રિયા, Venture capital availability માં સુધારો થવા પામ્યો છે. વિશ્વમાં ભારત બજારના કાળમાં અમેરિકા અને ચીન પછી ત્રીજા ક્રમનું મોટું બજાર ધરાવે છે. (PPP નના આધારે) અને GDP ના 23.3% ની નિકાસ કરવામાં આવે છે. જે વિકસિત રાષ્ટ્રો કરતાં ઘણી ઓછી છે.

Innovation and sophistication માં ભારતનો GCI માં 140 દેશોમાં 7 માંથી 3.9 આંક પ્રાપ્ત કરીને 46મો ક્રમ આવે છે. સંશોધનમાં ભારતની ક્ષમતા અને તેની ગુણવત્તાના આંકમાં સુધારો થયો છે. જેમાં ખાનગી કંપનીનોના R & D વિભાગ દ્વારા કરવામાં આવતા ખર્ચના સંદર્ભમાં 31 મો ક્રમ અને સરકાર દ્વારા ટેકનોલોજી ઉત્પાદન પર કરવામાં આવતા ખર્ચમાં 26 મો ક્રમ આવે છે. જ્યારે દેશમાં ઉપલબ્ધ વૈજ્ઞાનિક અને એન્જિનયરની બાબતમાં 49 મો ક્રમ આવે છે.

## તરફેણની દલીલ

૧. ફડચામાં ગયેલા કોર્પોરેટ બોન્ડ વિદેશી રોકાણકારો ખરીદી શકશે. રીઝર્વ બેંક દ્વારા આવી પરવાનગી આપવાથી મંદ પડેલી ડેટ માર્કેટમાં નવી ચેતના આવશે. તેનાથી સ્થાનિક રોકાણકારોને બહાર નીકાલાવાની તક મળશે અને બેન્કર સેક્ટર દબાણ ઘટશે. (28/11/2015)

૨. ભારતમાં 2015-16 ના વર્ષમાં શુદ્ધ ઊર્જા ક્ષમતામાં 2311 મેગાવોટનો વધારો કર્યો છે. (28/11/2015)

3. છેલ્લા 18 મહિનામાં રોકાણકારો દ્વારા મ્યુચલ ફંડો ઇક્વિટીમાં રૂ.1 લાખ કરોડનું જંગી રોકાણ કર્યું છે. ૧૫ વર્ષ પછી ફંડ ક્ષેત્રે જોવા મળેલું સાનુકૂળ ચિત્ર, ઓક્ટોમ્બરમાં અંતે ફંડોની AUM રૂ.3.56 લાખ કરોડ થઇ. (O3/12/2015)

૪. ચીનના ઉત્પાદનમાં સતત ચોથા માસમાં ત્રણ વર્ષમાં સૌથી ઓછો વૃદ્ધિદર નોંધાયો છે. ચીનનું અર્થતંત્ર મંદીની દિશામાં જઈ રહ્યું છે. ચીનના સત્તાવાર પર્ચેઝિંગ મેનેજર ઇન્ડેક્ષ નવેમ્બરમાં ૪૯.૮ હતો. ચીનમાં સર્વિસ સેક્તારનો પી એમ આઈ વધ્યો છે પણ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો પી એમ આઈ નબળો રહ્યો છે. (02/12/2015)

૫. બેન્કિંગ ક્ષેત્રે આર બી આઈ દ્વારા સ્ટ્રેટેજિક ડેબટ રિસ્ટકચરીંગને મંજુરી આપતા બેંકો હવે ઉદ્યોગોને આપેલ શીરાન વસુલ કરવામાં કડક થઇ છે. જેમાં ઉદ્યોગો પોતાની મિલકત વેચીને અથવા બેંકો પોતે આ ઉદ્યોગોની મિલકત વેચીને પોતાનું ધિરાણ વસુલ કરી શકશે. બેન્કોના નોન પર્ફોમન્સ એસટસમાં ઘટાડો થશે.

૬. ભારત નજીકના ભવિષ્યમાં ખાતરની પુરાન ધરાવતો દેશ બનશે. એમ. કુમારના કહેવા પ્રમાણે આ વર્ષે દેશ વધારાનું ૨૦ લાખ તડન યુરીયા ખાતરનું ઉત્પાદન કરશે. ભારત હવે ખાતરની નિકાસ કરતો દેશ થશે. (04/12/2015)

૭. ભારતમાં સપ્ટેમ્બર થી ઓક્ટોમ્બર બે માસ દરમ્યાન મેક ઇન ઇન્ડિયાના પગલે 38.87 બિલિટન ડોલર FDI ભારતમાં આવ્યું છે. સીલ્કો, એલજી, ફોક્સકોન, સેમસંગ, વાઈવો, ઝીયોમી, આઈડિયા, એરબસ, અને સોફ્ટબેંક જેવી કંપનીઓ તેમજ કોમ્પ્યુટર સોફ્ટવેર, હાર્ડવેર, સેવાક્ષેત્રે, ઓટોમોબાઈલ, બાંધકામ, ફાર્માસ્યુટીકલ અને યંત્રો તેમજ ખાધાન્ન ક્ષેત્રોનો સમાવેશ થાય છે. (04/12/2015)

૮. નાણાંકીય વર્ષ ૨૦૧૭ સુધીમાં ડોઈશું બેંકના કહેવા પ્રમાણે ભારતનો સેન્સેક્ષ 29000ની સપાટી પાર કરશે. જે હાલની સપાટી કરતા બધા શેરોમાં સરેરાશ 18% નો વધારો થવાનો અંદાજ ધરાવે છે. (04/12/2015)

૯. ભારતાના આર્થિક સુધારા થી અનેક અમેરિકન બિઝનેશમેં નિરાશ થયા છે. એટલે કે વર્તમાન સમયમાં ભારત આર્થિક વિકાસની ક્ષમતા ધરાવતો દેશ છે. (08/12/2015)

૧૦. ભારતમાં છેલ્લા છ મહિનામાં સ્મોલકેપ શેરોમાં 40% થી વધારે ઉછાળો નોંધાયો છે. તેમના 10 શેરમાં તો 100% ઉછાળો નોંધાયો છે. (08/12/2015)

૧૧. બજારની ભાવિ ચાલ ફેડરલ અને GST પર નિર્ભર. જ્યારે પણ ડોલર ઇન્ડેક્સ વધે છે ત્યારે તમામ વિકાસશીલ દેશો ની કરન્સી ઘટે છે. (07/12/2015) આ વિરુદ્ધનો મુદ્દો છે.

૧૨. લોન ભરવાની આનાકાની કરતા 150 ડીફોલ્ટર કોર્પોરેટ્સ RBI નના રડારમાં આવી ગયા છે. RBI SDR ણાના નિયમનો આકરા બનાવશે. આરબી આઈ એવું માને છે કે આવી કંપનીઓને ફરજીયાત પણે ડાઉનગ્રેડ કરવી જોઈએ. (11/12/2015)

૧૩. નવેમ્બરમાં પરોક્ષવેરાની વસુલાતમાં 24%નો વધારો. એક્સાઈઝની વસુલાતમાં 58, કસ્ટમમાં 1.7 અને સર્વિસ ટેક્સ 16% નો વધારો નોંધાયો છે. (4/2/15)

## વિરુદ્ધની દલીલ

૧. વ્યાજના દરમાં કપાત છતાં RBI ન ની અપેક્ષા પ્રમાણે ધિરાણવૃદ્ધિ જોવા મળતી નથી.

- 13 નવેમ્બરના અંતે પુરા થયેલ પખવાડીયામાં ધિરાણવૃદ્ધિ દર 9.70% રહ્યો હતો.

- ઉદ્યોગનો ધિરાણવૃદ્ધિ દર 9.52% સાથે છેલ્લા 17 વર્ષમાં સૌથી મંદ રહ્યો હતો.

- વર્તમાન વર્ષમાં ધિરાણ વૃદ્ધિ દર 7.60 ટકા રહ્યો છે.

(28/12/2015)

૨. ડ્યુશ બોર્સના એમ એન આઈ ઇન્ડિયા બિઝનેશ સેન્ટીમેન્ટ ઇન્ડકેટર બી એસ ઈ પર લિસ્ટેડ કંપનીઓના પ્રવર્તમાન સેન્ટીમેન્ટનો માપ્દર્શક છે. જે નવેમ્બર માસ દરમિયાન ઓક્ટોમ્બરની સરખામણીએ 11.6% ઘટ્યો છે. (28/11/2015)

3. કોર સેક્ટરનો વૃદ્ધિદર ધીમો પડીને 3.2% થયો. તેમાં કોલસો, ક્રુડ ઓઈલ, કુદરતી ગેસ, ફર્ટીલાઈઝર સ્ટીલ, સિમેન્ટ અને ઈલેક્ટ્રીસીટીનો સમાવેશ થાય છે. ક્રુડ ઓઈલના ભાવ ઘટવાથી અને સ્ટીલના ઉત્પાદનમાં ઘટાડો થવાથી આવું થયું છે. (01/12/2015)

૪. ભારતનો ઉત્પાદન ક્ષેત્રનો વિકાસદર 25 માસના તળિયે નીક્કેઈના મેન્યુફેક્ચરીંગ 4મેનેજર્સ ઇન્ડેક્સ (પી.એમ.આઈ) ૫૦.3 થયો જે ઓક્ટોમ્બરમાં 50.7 હતો. સ્થાનિક માંગણી નબળી પરવાથી આમ થયું છે. (2/12/2015)

૫. કૃષિ વિકાસનો વૃદ્ધિ દર માર્યાદિત રહેશે. – રાજન

4 માં વર્ષે વરસાદની અનિયમિતતાને કારણે કૃષિ વિકાસ વૃદ્ધિદર 1.1 ટકા રહેશે. જે ગયા વર્ષ 3.7% રહ્યો હતો. (2/12/2015)

૬. ભારતનો સેવાક્ષેત્રનો PMI પાંચ માસના તળિયે ઓક્ટોમ્બરમાં 53.7 તહજી ઘટીને 50.1 થયો છે. જે ધૂંધળા આર્થિક સંયોગોને નિર્દેશ આપે છે. (4/12/2015)

૭. યુઆન (ચીન) ડોલર (અમેરિકા) ના જંગમાં કદાચ ભારત જેવા અલ્પવિકસિત દેશોએ ઘણું સહન કરવું પડશે કારણ કે ચીન લો-કોસ્ટ ઉત્પાદનની પદ્ધતિથી આર્થિક રીતે આગળ જઈ શકે છે. (4/12/2015)

૮. નોમુરાના અહેવાલ પ્રમાણે ભારતમાં ફુગાવાનું પ્રમાણ 5.0% થી વધુ રહેવાની ધારણાથી હવે RBI  વ્યાજદરમાં ઘટાડો કરશે તેવી કોઈ શક્યતા નથી. ભારતમાં 2015 માં ચાલુખબાની ખાદ્ય 0.9% છે. તે 7 વેતન પંચના કારણે 1.3% થવાની ધારણા છે. (09/12/2015)

9. નિકાસ ઘટવા સાથે દેશના મુખ્ય બંદરો ખાતે માલસામાનનો હેરફેર વૃદ્ધિદર નો વૃદ્ધિ દર મંદ પડ્યો. ઓસ્ટ્રેલીયા થી આયર્નઓહની નિકાસ સ્પર્ધામાં ભારત ટકી ન શકતા તેની નિકાસ & ઉત્પાદન ભારતમાં ઘટ્યું છે. (17/12/2015)

૧૦. રબરની સસ્તી આયાતો ભારતમાં રબર ઉદ્યોગને નુકશાન પહોંચાડી રહી છે. હાલમાં ભારતમાં તેનો સ્ટોક ૧.૬૨ લાખ તાણ જેટલો છે. (17/12/2015)

સમીક્ષા:

ભારતમાં વેપાર અને વિકાસમાં મુખ્ય અવરોધક પરિબળોમાં ભ્રષ્ટાચાર મુખ્ય પરિબળ છે. આ ઉપરાંત રાજકીય અસ્થિરતા, ફુગાવાનો ઉંચો દર, નાણાની ઉપલબ્ધતા, સરકારની અસ્થિરતા, અપૂરતી માળખાકીય સુવિધાઓ, જટિલ કર માળખું અને વહીવટી માળખાની બિનકાર્યક્ષમતા મુખ્ય છે.  આ ઉપરાંત ભારતની સ્થિતિને વધુ મજબુત બનાવવા વિરૂધ્ધની દલીલોને હકારત્મક બનાવવી જોઇએ તોજ આપણે Making India  સાચા અર્થમાં બનાવી શકીસુ.

સંદર્ભ સૂચી:

. ૧. world economic forum GCI -2015-16 જીનિવા

૨. GCI 2014-15 report

3 સમાચાર પત્ર : ગુજરાત સમાચાર

૪ International Economics – D.T Lakadavala

૫. Indian Economy –Dutt & sundram 68th edition